આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **28-11-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## શિક્ષણ રાજ્યમંત્રી : આચાર્ય સસ્પેન્ડ

સુરત મહાનગરપાલિકા સંચાલિત અમરોલી શાળાના આચાર્ય સંજય પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છેઆ શાળાના આચાર્ય શિક્ષક . તરીકેની ફરજ દરમિયાન જાણ કર્યા વિના33 વખત ધંધાર્થે દુબઇના પ્રવાસે ગયા હતા.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ આ અંગે જણાવ્યું છે કે, રાજ્યના લાખો શિક્ષકો કર્તવ્ય નિષ્ઠાથી પોતાની ફરજ બજાવી રહ્યા છે, ત્યારે સુરતમાં બિનઅધિકૃત રજા પર હોય તેવા બે શિક્ષકોની વિગતો મળી છેપોતાના સ્વાર્થ માટે બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરનાર . ..શિક્ષકોને માફ કરવામાં નહીં આવે

**RNU** અમદાવાદ

---

## નાગરિક સંરક્ષણ દળ : રાજ્ય રમતોત્સવ

હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ દળના જવાનો માટેનો રાજ્યકક્ષાનો રમતોત્સવ આજે ગાંધીનગરના સાંઇ સ્પોર્ટસ ઓથોરિટી ગ્રાઉન્ડ ખાતે શરૂ થયો છે. રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ રમતોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

આ રમતોત્સવમાં પુરુષ તથા મહિલા શ્રેણીમાં 100, 200, 400 મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક અને રસ્સા ખેંચ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પુરુષોની શ્રેણીમાં કબડ્ડી, વોલીબોલ અને મહિલા શ્રેણીમાં ખો- ખો જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---

## શિક્ષણ પરીપત્ર : સ્વેટર

રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીના સ્વાસ્થ્ય અને હિતને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ઠંડીની સિઝનમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જે પણ ગરમ કપડાં પહેરીને આવે તો તેને માન્ય રાખવા અંગે સૂચના આપવામાં આવી છે. શાળા દ્વારા વિદ્યાર્થીઓને ફરજિયાતપણે ચોક્કસ રંગના ગરમ કપડાં પહેરીને લાવવા તે અંગે દબાણ કરી શકાશે નહીં. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઇ પરમારે આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : સંજય પરમાર

પરેશ મારૂ

---------------------------------------------------------------------

## કચ્છ હસ્તકલા કારીગર સન્માન

કચ્છ જિલ્લાના ચાર હસ્તકલાના પરિવારોનું રાજ્ય સરકારે રોકડ પુરસ્કાર, તામ્રપત્ર તેમજ પ્રમાણપત્ર આપી અહીં સન્માન કર્યું હતું. કચ્છના આ ચાર કારીગર પૈકી સીન્જુ લીન્સી ચમનભાઇને હાથવણાટ થકી દુપટ્ટો બનાવવા માટેનો, માઝવીન ખત્રીને બાંધણી માટે કુસુમબેન રાઠોડને અમ્બ્રોયડરી માટે અને દામજીભાઇ બુચિયાને ખરડ વિવીંગ માટે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કચ્છની હસ્તકલાના કારીગરો પોતાની કળાના માધ્યમથી દેશ વિદેશમાં કચ્છનું નામ રોશન કરી રહ્યા છે.

પરેશ મારૂ

---------------------------------------------------------------------

## પ્રાકૃતિક ખેતી-આણંદસર ગામના હરજીભાઇ

ભુજ તાલુકાના આણંદસરના હરજીભાઇ શાંતિલાલ ભાવાણી વર્તમાનસમયમાં બાગાયતી પાક જેવા જામફળ, આંબા તથા હળદર જેવા પાકનું વર્ષભર વાવેતર કરી નોંધપાત્ર નફો કમાઇ રહ્યા છે. હરજીભાઇ જણાવે છે કે, રાસાયણિક ખેતીના કારણે મારી જમીન કડક અને ક્ષારવાળી બની ગઇ હતી. પાણીનો વપરાશ વધુ પ્રમાણમાં થતો હતો અને પાકનું ઉત્પાદન ઓછું, તેમજ દવાનો ખર્ચ વધારે થતો હતો.

વર્ષે ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી ત્યારથી જમીનની ફળદ્રુપતા વધી છે, ક્ષાર ઘટ્યો છે તેમજ બજારમાંથી કોઇ દવા કે ખાતરની ખરીદી કરવી પડતી ન હોવાથી સારો નફો મને મળી રહ્યો છે. જેથી હું બાગાયતી ખેતી કરતા ખેડૂતોને અનુરોધ કરુ છું કે, ધીરે ધીરે પ્રાકૃતિક ખેતી તરફ વળીને પ્રકૃતિ અને માનવીના હિતમાં કાર્ય કરે. રાજ્ય સરકાર વિવિધ રીતે ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહી છે તેનો પણ ખેડૂતો લાભ ઉઠાવે તે જરૂરી છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## દિવ્યાંગ સાધન સહાયતા કેમ્પ-મુન્દ્રા

ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અમદાવાદ, જયપુર અને નવજીવન વિકલાંગ સેવાશ્રય ભચાઉ, હળવદના સંયુક્ત ઉપક્રમે રોટરી ક્લબ ઓફ મુંદરાના સહયોગથી નિ:શુલ્ક દિવ્યાંગ સાધન સહાયતા શિબિરનો મુન્દ્રાના રોટરી ભવન ખાતે ગઇકાલે આરંભ થયો હતો, જેમાં કૃત્રિમ પગ, કેલિપર્સ, વ્હીલચેર, ટ્રાઈસિકલ, બગલ ઘોડીના અત્યાર સુધીમાં 386 લાભાર્થી નોંધાઈ ચૂક્યા છે.આ કેમ્પ આગામી 30 નવેમ્બર સુધી ચાલશે. અગાઉથી રજિસ્ટર કરાવેલા દિવ્યાંગોને નિષ્ણાતો દ્વારા લાભાર્થીનો માપ લઈને નક્કી કરેલાં સાધન એ જ દિવસે અર્પણ કરવામાં આવે છે, જેથી તેમનું કામ એક જ દિવસમાં થઈ જાય.

પરેશ મારૂ

-----------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થતા મિશ્ર ઋતુની અનુભૂતિ થઈ રહી છેનલિયામાં લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાઈ . ૧૫ આજે.૪ ડિગ્રીએ પહોંચ્યો હતોઅને ૧૯ જિલ્લા મથક ભુજમાં . ૧૯ કંડલમાં.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

મહત્તમ તાપમાનનો પારો પણ વધતા દિવસના ભાગે ગરમીની અનુભૂતિ થઈ હતી ગઈકાલે ૩૫ડિગ્રી મહત્તમ તાપમાન સાથે ભુજ ૪. રાજ્યનું સૌથી ગરમ મથક બન્યું હતું. રાત્રિ દરમિયાન ફુલ ગુલાબી ઠંડક બાદ દિવસભર ગરમીના પગલે કચ્છવાસીઓને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

**N.P. /** વિરલ રાણા

-----------------------------------------------------------------------